## રાજકોટના તમામ વેપાર ઉદ્યોગ શરુ કરવા રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના પ્રમુખ શ્રી વી પી વૈષ્ણવ ની માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી સાથે વિડિઓ કોન્ફરન્સ દ્વારા અપીલ...

રાજકોટ ચેમ્બરના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવએ ગઈકાલ સાજે ૬-૩૦ વાગ્યે ગુજરાત રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી સાથે વિડીયો કોન્ફરન્સ કરીને રાજકોટની તમામ પરીસ્થીતીથી વાકેફ કરેલ છે. અને રાજકોટના માત્ર કન્ટેઈન્ટમેન્ટ એરીયાને (જંગલેશ્વર વિસ્તાર) ને બાદ કરીને બાકીના તમામ વેપાર-ઉદ્યોગને છુટ આપવી જોઈએ તેવી રજુઆત મુદાસર કરી હતી. સૌ પ્રથમ વિજયભાઈ રૂપાણીની ટીમ ગુજરાતને આર્થિક પેકેજ જાહેર કરવા બદલ અભિનંદન આપેલ હતા.

વધુમાં સરકાર ગાઈડ લાઈન કલીયર આપે કે માત્ર આટલો વિસ્તાર જ ખોલવાનો નથી તેથી બાકીનો તમામ વિસ્તાર ખોલી શકાય. આ માટે કોઈપણ પાસ પ્રથા ન રાખવી જોઈએ. જેથી પોલીસની કામગીરી ઘટાડી શકાય.

પ્રસાશન જોડે રાજકોટ ચેમ્બર સાથે રાખી કોર કમીટીની રચના કરો જેથી ખરા અર્થમાં શહેર ખોલી શકાય. સવારે ૭ થી સાંજે ૭ સુધી ખોલો ત્યારબાદ કડક અમલ કરાવો.

ગુજરાતનો ઈમ્યુનીટી પાવર ખુબ મજબુત હોય કોરોનાથી ડર્યા વગર તમામ ધંધા વારાફરતી સોસીયલ ડીસ્ટન્સ તેમજ નિયમોના પાલન સાથે ખોલાવો તેવી પ્રબળ માંગણી કરેલ હતી.

રાજકોટ ચેમ્બરના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવની માંગણીને ધ્યાનમા લઈ મુખ્યમંત્રીશ્રી વિજયભાઈએ ગુજરાતની મુખ્ય ચેમ્બરો સાથે વિડીયો કોન્ફરન્સ કરેલ હતી જમાં રાજકોટ, જામનગર, ભાવનગર, અમદાવાદ, ભાવનગર, તેમજ સુરત ચેમ્બરના હોદેદારોએ ભાગ લીધેલ હતો.